# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ** (૧) ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૩.૧૧.૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ– તજર / ૧૦૨૦૨૦ / ૪૨૬૧૮૩/ ઝ.

(૨) ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૩.૧૧.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંકઃ– તજર / ૧૦૨૦૨૦ / ૪૨૬૧૮૩/ ઝ.

**રાજય સરકારના કર્મચારીઓ માટે ખાસ તહેવાર પેકેજ જાહેર કરવા તેમજ ખાસ તહેવાર પેકેજ માટે અનુસરવાની કાર્ય પધ્ધતિ બાબત.**

## પરિપત્ર

ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના ઉપરોકત વંચાણમાં લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી સરકારશ્રી ધ્વારા તા.૧૩.૦૩.૨૦૨૧ સુધીમાં આવતા મહત્વના તહેવારો માટે રાજય સરકારશ્રીના નિયમિત નિમણુંક પામેલ કર્મચારીશ્રીઓ / અધિકારીશ્રીઓ માટે ખાસ તહેવાર પેકેજ અંતર્ગત રૂા.૧૦,૦૦૦/– ની વ્યાજમુકત પેશગી આપવાનું ઠરાવેલ છે. સદર નાણા પ્રિ–લોડેડ Rupay કાર્ડના સ્વરૂપમાં આપવામાં આવશે તેમજ કાર્ડની વેલિડિટી તા.૩૧.૦૩.૨૦૨૧ સુધી રહેશે અને તે સમય સુધી સદર કાર્ડના ઉપયોગથી ડિજિટલ ટ્રાન્ઝેકશન કરી શકાશે એમ સરકારશ્રી ધ્વારા ઠરાવેલ છે.

ફરજ પર હોય કે રજા પર હોય તેવા કર્મચારીશ્રી / અધિકારીશ્રીઓને ખાસ તહેવાર પેકેજ અંતર્ગત પેશગી મંજુર કરી શકાશે. પેશગી માટેનું કાર્ડ કર્મચારીશ્રી/અધિકારીશ્રીને જે મહિનામાં સોંપવામાં આવે તે પછીના મહિનાથી વધુમાં વધુ ૧૦ હપ્તાઓમાં પેશગીની વસુલાત પગારમાંથી કરવાની રહેશે.

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળના તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના ઉકત વંચાણે લીધેલ ઠરાવ અન્વયે આપશ્રીના તાબા હેઠળના જે કર્મચારીશ્રી / અધિકારીશ્રીની જેઓ સદર લાભ લેવા માંગતા હોય તેમની અરજી મેળવી સદર અરજી કચેરીના વડાશ્રીએ મંજૂર કરી કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીને મોકલવી. ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીએ સંકલન કરી મળેલ મંજૂર અરજીઓની વિગત SBI ને મોકલી SBI બ્રાન્ચ ખાતેથી કાર્ડ મેળવવાના રહેશે.

ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના ઉપરોકત વંચાણમાં લીધેલ પરિપત્ર ક્રમાંક(૨) થી સરકારશ્રી ધ્વારા ખાસ પેકેજ માટે અનુસરવાની કાર્ય પધ્ધતિ બાબતે કરેલ પરિપત્રમાં આપેલ સુચનાઓ મુજબ તમામ કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીએ તમામ અરજીઓ મેળવી પેશગી અંગેની આગળની તમામ કાર્યવાહી કરવાની રહેશે.

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ તહેવાર પેકેજ / ૯૪૦૮-૪૧૭/૨૦૨૦.
નવસારી. તારીખઃ૨૧/૧૧/૨૦૨૦.

ઈ/ચા.કુલસચિવ

**નકલ જયભારત સાથ રવાના :–**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
(૨) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારુ.

**નકલ રવાનાઃ–**

અત્રેની કચેરીની અ.ર.૪ શાખા તરફ જાણ તેમજ ઘટતું થવા સારુ.

**રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખાસ**
**તહેવાર પેકેજ જાહેર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક:-તજર/૧૦૨૦૨૦/૪૨૬૧૮૩/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૩/૧૧/૨૦૨૦

**પ્રસ્તાવના:**

સરકારી કર્મચારીઓને તહેવાર દરમિયાન થતા ખર્ચને પહોંચી વળવા માટે, કર્મચારીઓ દ્વારા ખરીદીમાં વધારો થાય તથા રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખાસ તહેવાર પેકેજ જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા તા. ૩૧/૩/૨૦૨૧ સુધીમાં આવતા મહત્વના તહેવારો માટે રાજ્ય સરકારના નિયમિત નિમણૂક પામેલ કર્મચારીઓ/અધિકારીઓ માટે **ખાસ તહેવાર પેકેજ** આપવાનું ઠરાવવામાં આવે છે.

૧. ખાસ તહેવાર પેકેજ અંતર્ગત રૂ. ૧૦,૦૦૦/-ની વ્યાજમુક્ત પેશગી આપવામાં આવશે. જે પ્રિ-લોડેડ Rupay કાર્ડના સ્વરૂપમાં આપવામાં આવશે. આ કાર્ડની વેલિડિટી તા.૩૧/૩/૨૦૨૧ સુધી રહેશે. તે સમય સુધી આ કાર્ડના ઉપયોગથી ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરી શકાશે. આ ખાસ તહેવાર પેકેજ અંતર્ગત પેશગી લેવા માટેની કર્મચારી/અધિકારીની અરજી અંગે કાર્યવાહી બાદ સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીએ બેંક પાસેથી કાર્ડ મેળવી કર્મચારીને આપવાનું રહેશે.

૨. ફરજ પર હોય કે રજા પર હોય તેવા કર્મચારી/અધિકારીઓને ખાસ તહેવાર પેકેજ અંતર્ગત પેશગી મંજૂર કરી શકાશે. પેશગી માટેનું કાર્ડ કર્મચારી/અધિકારીને જે મહિનામાં સોંપવામાં આવે તે પછીના મહિનાથી વધુમાં વધુ ૧૦ હપ્તાઓમાં પેશગીની વસૂલાત પગારમાંથી કરવાની રહેશે.

૩. આ ઠરાવનો લાભ રાજ્ય સરકારના, પંચાયતના અને પગાર ભથ્થાની ૧૦૦% સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારી/અધિકારીઓને મળશે.

આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે તથા ઠરાવ ફક્ત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે જ અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જે. પટેલ)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

---

*પત્ર દ્વારા

**ખાસ તહેવાર પેકેજ માટે અનુસરવાની કાર્ય પધ્ધતિ બાબત.**

ગુજરાત સરકાર,

**નાણા વિભાગ,**

પરિપત્ર ક્રમાંક:-તજર/૧૦૨૦૨૦/૪૨૬૧૮૩/ઝ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૧૩/૧૧/૨૦૨૦

**વંચાણે લીધો :-**

નાણા વિભાગનો તા. ૧૩/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૨૦/૪૨૬૧૮૩/ઝ

**<u>પરિપત્ર :</u>**

સરકારશ્રી દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે વંચાણે લીધેલ તા.૧૩/૧૧/૨૦૨૦ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ખાસ તહેવાર પેકેજ અંતર્ગત રૂ.૧૦,૦૦૦/-નું પ્રિ-લોડેડ Rupay કાર્ડ મેળવવા માટે અનુસરવાની કાર્યપધ્ધતિ માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

1. કર્મચારીએ ખાસ તહેવાર પેકેજ અંતર્ગત પેશગી મેળવવા માટે સંપૂર્ણ નામ, મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસની વિગતો સહિત કચેરીની મહેકમ શાખાને નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.
2. મહેકમના વડા મંજૂર કરેલ અરજીઓની વિગત ઉપાડ અને વહેંચણી અધિકારીને મોકલશે.
3. ઉપાડ અને વહેંચણી અધિકારી સંકલન કરી મળેલ મંજૂર અરજીઓની વિગત SBI ને મોકલશે તથા કાર્ડ મેળવી લેવા માટે SBI બ્રાન્ચની વિગત આપશે.
4. SBIની સંબંધિત બ્રાન્ચમાં કાર્ડ મળ્યેથી તેની જાણ ઉપાડ અને વહેંચણી અધિકારીને કરવામાં આવશે તથા કાર્ડની સંખ્યા મુજબ ચુકવવાની થતી રકમની વિગત પણ જણાવશે.
5. કાર્ડની સંખ્યા મુજબ કાર્ડ દીઠ રૂ. ૧૦,૦૦૦+ રૂ. ૧૭૭ (કાર્ડ પ્રોસેસિંગ ચાર્જના રૂ.૧૫૦+ GST ચાર્જના રૂ. ૨૭) બેંકને ચેકથી ચુકવવાના રહેશે.
6. ઉપાડ અને વહેંચણી અધિકારીએ બેંકમાંથી મેળવેલ કાર્ડનું સલામતીના ધોરણો જાળવી સંબંધિત કર્મચારીઓ/અધિકારીઓને વિતરણ કરવાનું રહેશે.
7. કાર્ડ કર્મચારી/અધિકારીને જે મહિનામાં સોંપવામાં આવે તે પછીના મહિનાથી વધુમાં વધુ ૧૦ હપ્તાઓમાં પેશગીની રકમ રૂ. ૧૦૦૦૦/-ની વસૂલાત પગારમાંથી કરવાની રહેશે.

8. કાર્ડ મેળવવા માટેના ચાર્જીસ રૂ. ૧૭૭/-( GST સહિત) ની વસૂલાત સંબંધિત કર્મચારી/અધિકારી પાસેથી કરવાની રહેશે નહિ. આ ખર્ચ ગુજરાત સરકાર દ્વારા ભોગવવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જે. પટેલ)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.